| GJVL040027532020 | રજુ તારીખ | ::– | ૨૧/૧૨/૨૦૨૦ |
|---|---|---|---|
| | દાખલ તારીખ | ::– | ૨૧/૧૨/૨૦૨૦ |
| | નિકાલ તારીખ | ::– | ૨૮/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો | ::– | વર્ષ–માસ–દિવસ |
| | | | **૦૫–૦૭–૦૭** |

**<u>ઉમરગામના મહેરબાન એડી. જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ– ઉમરગામ.</u>**

**<u>ક્રિમીનલ કેસ નંબર–૨૫૩૯ /૨૦૨૦</u>**
**આંક– ૩૮**

| | |
|---|---|
| ફરીયાદી ::– | સરકારશ્રી....<br>(મુળ ફરીયાદી : ઉમેશકુમાર ધીરૂભાઈ) |
| //**વિરૂધ્ધ**// | |
| આરોપીઓ ::– | (૧) તઈબાન મુસોજી માંજરા, ઉ.વ.૨૦,<br>(૨) રાજુભાઈ અશોકભાઈ વરખંડીયા, ઉ.વ.૨૯,<br>(૩) મોહમદ તોસીફ મોહમદહારૂન રશીદ શાહ, ઉ.વ.૧૮,<br>તમામ રહે. સંજાણ બંદર, તા. ઉમરગામ, જી.વલસાડ, |

| | |
|---|---|
| ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી **:–** | **વાય.જી. વસાવા** |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી **:–** | **ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૯૯ અન્વયે હુકમ હોય કોઈ નહીં** |

| | |
|---|---|
| **ગુનોઃ–** | **જુગાર ધારાની કલમ–૧૨ (અ)** |

**<u>–:ચુકાદો:–</u>**

**૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૨/૦૮/૨૦૨૦ ના રોજ કલાક–૧૫:૪૫ વાગ્યાના સુમારે

મોજે, સંજાણ . કોલીખાડી, બંધ કવોરીની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં આ કામના તમામ તહોમતદારોએ મનોરંજન અધિકારીશ્રીનો પરવાનો મેળવ્યા વીના જાહેરમાં પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા પોલીસ રેઈડ દરમ્યાન ઉપરોક્ત જણાવેલ જુદા જુદા દરની ભારતીય ચલણી નોટો મળી કુલ્લે રોકડ રૂ.૧૦,૫૩૦/– તથા પત્તા નંગ–૫૨,કિ.રૂ.૦૦/૦૦ ના મુદામાલ સાથે પકડાય જઈ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આરોપીઓ ઉપર આક્ષેપ છે.

**<u>પોલીસ કાર્યવાહી.</u>**

૨) આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ– ૧૨(અ) મુજબ ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદી – ઉમેશકુમાર ધીરૂભાઈ નાઓએ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, તે આધારે પી.એસ.ઓ.શ્રી દ્વારા ગુન્હા પાર્ટ બી રજી. નંબર – ૧૧૨૦૦૦૪૫૨૦૦૭૬૯/૨૦૨૦ થી તારીખ ૦૨/૦૮/૨૦૨૦ ના રોજ ગુન્હો નોંધવામાં આવેલો. સદર ગુન્હાની તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ આરોપીઓને અટક કરેલ અને આરોપીઓ વિરૂદ્ધ ગુના સબબના પુરાતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહી.</u>**

૩) આરોપીઓ નિયમિત હાજર ન રહેતા હોય, વારંવાર પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. તેમ છતાં તેઓ હાજર ન રહેતા, ક્રિમીનલ પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે હુકમ કરી સદર કેસની કાર્યવાહી તેઓની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ છે.

૪) ફરીયાદપક્ષેથી પોતાના કેસ સાબિત કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>–:મૌખીક પુરાવાઓ:–</u>**

| અનુક્રમ નંબર | સાહેદ | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ શિવપ્રશાંત હિમ્મતભાઈ માંગેલા નાઓની જુબાની. | ૩૩ |
| ૦૨ | પંચ સાહેદ સંજય ગૌતમ રાઠોડ નાઓની જુબાની. | ૩૫ |
| ૦૩ | ફરીયાદી ઉમેશભાઈ ધીરુભાઈ પટેલ નાઓની જુબાની. | ૩૬ |

**<u>–:દસ્તાવેજી પુરાવાઓ:–</u>**

| અનુક્રમ નંબર | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. | ૩૪ |
| ૦૨ | ફરીયાદ. | ૩૭ |

## ૫) <u>આરોપીઓનુ વિશેષ નિવેદન અને દલીલો</u>

વધુમાં, સબબ કામે પડેલ પુરાવો જોતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તો તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રીમ કોર્ટના – **૧) ૧૯૯૬(૩), ક્રાઈમ્સ – ૮૫ – સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન** તથા ૨) **૨૦૦૪(૪), એસ.સી.સી. ૫૮૨ મદનમોહન વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ**ના ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે " **જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ આગળ ચલાવવા ફુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ**" તે સિદ્ધાંત ધ્યાને

લઈ ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યા બાદ અન્ય સાક્ષીઓ તપાસેલ નથી.

આ કામે, પુરાવાના કાયદાની કલમ ૧૩૪ વંચાણે લેતા, પુરાવાનો જથ્થો નહિ પરંતુ, પુરાવાની ગુણવત્તા અગત્યની હોય છે. હાલના કેસમાં ફરિયાદપક્ષે રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તે જોતાં ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદને ન તપાસવા છતા કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

ત્યારબાદ આરોપીઓ નિયમિત હાજર ન રહેતા હોય, વારંવાર પકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ છે. તેમ છતાં તેઓ હાજર ન રહેતા, ક્રિમીનલ પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે હુકમ કરી સદર કેસની કાર્યવાહી તેઓની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ છે.

## ૬) <u>મુદ્દા</u>

ઉપરોકત હકીકત સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| **મુદ્દા નંબર** | **મુદ્દાઓ** |
|---|---|
| **૧** | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૦૨/૦૮/૨૦૨૦ ના રોજ કલાક–૧૫/૪૫ વાગ્યાના સુમારે મોજે, સંજાણ . કોલીખાડી, બંધ કવોરીની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં આ કામના તમામ તહોમતદારોએ મનોરંજન અધિકારીશ્રીનો પરવાનો મેળવ્યા વીના જાહેરમાં પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા પોલીસ રેઈડ દરમ્યાન ઉપરોક્ત જણાવેલ જુદા જુદા દરની ભારતીય ચલણી નોટો મળી કુલ્લે રોકડ રૂ.૧૦,૫૩૦/– તથા પત્તા નંગ–૫૨,કિ.રૂ.૦૦/૦૦ ના મુદામાલ સાથે પકડાય જઇ જુગાર ધારાની કલમ– ૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |

| | |
|---|---|
| **૨** | શું હુકમ ? |

**૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

૮) આ કામના યોગ્ય ન્યાયિક નિર્ણય માટે ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લઈ તથા નક્કી કરવામાં આવેલ મુદ્દાના નિર્ણય ઉપર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ ઉપરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

૮.૧) આ કામે ફરીયાદપક્ષેથી સાહેદ તરીકે આ કામના ફરીયાદી શ્રી ઉમેશભાઈ ધીરૂભાઈ નાઓએ **આંક–૩૬** થી સોંગદ પર એવો પુરાવો આપેલ છે કે, તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા. ૦૨/૦૮/૨૦૨૦ ના રોજ તેઓ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા ત્યારે ખાનગી બતામીના આધારે નજીકમાંથી પંચોના માણસો બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી પંચોને સાથે રાખી બાતમીવાળી જગ્યા સંજાણ કોલીખાડી બંધ કવોરીની બાજુમાં

ખુલ્લી જગ્યામાં ગયેલ ત્યાં ત્રણ ઈસમો ટોળુ વળી જુગાર રમતા હતા. જેથી તેઓને કોર્ડન કરી તેઓને પકડી પાડેલ અને તેઓને પંચો રૂબરૂ નામ–ઠામ પુછી અંગ ઝડતી કરેલ. તે દરમ્યાન ત્રણેય ઈસમોના નામ તઈબાન મુસોજી માંજરા તથા રાજુભાઈ અશોકભાઈ વરખંડીયા તથા મહમદ તોસીફ મહમદ હારૂન રસીદ શાહ હતા. અને તેઓની અંગ ઝડતી દરમ્યાન ભારતીય ચલણી નોટો મળી આવેલ. તે તપાસ અર્થે કબજે કરી તથા દાવ ઉપરી મળી આવેલ પત્તા પાના મળી આવેલ. જે પંચનામાની વિગતે કબજે કરેલ. આમ સદર આરોપીઓ વિરુધ્ધ તેઓએ ઉમરગામ પોસ્ટે ફરીયાદ આપેલ. તે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે તે ફરીયાદને રજુ દાખલ **આંક–૩૭** આપવામાં આવે છે. ત્યારબાદ પીએસઓશ્રીએ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને તપાસના કામે **આંક–૩૪** વાળું પંચનામુ વંચાણે લીધેલ અને આરોપીઓને અટક કરી જામનીમુકત કર્યા અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરવા જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર કામે ક્રી.પ્રો.કોડની કલમ –૨૯૯ અન્વયે હુકમ કરી કેસની કાર્યવાહી આરોપીઓની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયો હોય ઉલટતપાસ નથી અને ઉલટતપાસનો હક પ્રિઝર્વ રાખવામાં આવેલ છે.

૯) આમ, સદર ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીથી રેઈડ દરમ્યાન રોકડ રકમ તથા પત્તા પાનાનો મુદામાલ કબજે કરેલ અને જે અંગેનું પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાની હકીકત ફલિત થાય છે. જેથી હવે જે મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેવા પંચનામાના પંચ સાહેદો કે જે સ્વતંત્ર સાહેદો કહી શકાય તેઓની જુબાની ધ્યાને લેવી જરૂરી બની રહે છે.

૯.૧) આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ નો ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે પંચ સાહેદ– શિવપ્રશાંત હિમ્મતભાઈ માંગેલા નાઓને **આંક–૩૩** થી તેમજ પંચ સાહેદ સંજય ગૌતમ રાઠોડ નાઓને **આંક–૩૫** થી તપાસતા તેઓ પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, પોલીસે તેમની સહી લીધલી. તેઓની હાજરીમાં કોઈ પંચનામું થયેલ નથી. તેમ જણાવી **આંક –૩૪** થી પંચનામું રજુ રાખી તે પરની પંચ તરીકેની સહી ઓળખી બતાવે છે. આમ, સદર પંચ સાહેદ **આંક –૩૪** થી રજુ પંચનામાંની વિગતોને લેશમાત્ર પણ સમર્થન કરેલ ન હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી સરકારપક્ષે વિ.એ.પી.પી શ્રી એ વિગતવારની ઉલટ તપાસ કરતાં રજુ **આંક –૩૪** ના પંચનામાની વિગતે કોન્ટ્રા. કરેલ છે પરંતુ તે પરથી પણ કોઈ ફળદાયી વિગતો બહાર આવતી નથી કે જેથી કરી પંચનામાંની વિગતો પુરવાર થયેલ ગણી શકાય. તે જોતાં સદર પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોય અને તેઓની હાજરીમાં આરોપીઓ પાસેથી ગુન્હાના કામે મુદ્દામાલ રોકડ તેમજ જુગારના ગંજીપાના વિગેરે સાથે કબ્જે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષ સદર પંચસાહેદની જુબાનીથી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય સદર **આંક –૩૪** થી રજુ પંચનામા ની વિગતો ધારાસર ફરિયાદ પક્ષે પુરવાર કરેલ ન હોય ફરિયાદ પક્ષને મદદરૂપ બનતાં નથી.

૧૦) આમ, આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો જોતાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીની જુબાની જોતા તેઓ પોતાની સરતપાસમાં ફરિયાદ હકીકતને તથા તેમની ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહી અંગે સમર્થન આપતો પુરાવો આપે છે. આ પોલીસ સાહેદ

ફરીયાદપક્ષના હિત ધરાવતા સાહેદ છે. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને તપાસના કામે તેઓએ પોલીસ સાહેદ સિવાય કોઈ ના નિવેદનો લીધા નથી. જે ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે. વધુમાં, સદર સાહેદ એ પંચોની હાજરીમાં પંચનામું કરેલ હોવાની હકીકત જણાવે છે જયારે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતું નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે જે સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામામાં ફક્ત પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ત્યારે તેવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદોનાં સમર્થન વિના એકમાત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીઓ વિરુદ્ધનો પુરવાર થયેલો હોવાનું માની શકાય નહિ.

**૧૧)** જયારે પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન ન આપતા હોય, આરોપીઓની શરીર સ્થિતિ અંગે કઈ જણાવતા ન હોય નામદાર એપેલેટ કોર્ટના ચુકાદા મુજબ આરોપીઓની શરીર સ્થિતિ અંગે કોઈપણ બાબત અંગે સપષ્ટતા કરતા ન હોય કે અન્ય પંચનામાની વિગતોને સમર્થન આપતા ન હોય ફરિયાદ પક્ષ ને મદદરૂપ બની શકે તેમ નથી.

આ અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટે **જીવાભાઈ ટી. વસાવા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે.

વધુમાં, **માનસિંગ મુલુભાઈ કાઠી દરબાર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જીએલએચઈએલ એચસી પેજ નં. ૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ " જો પંચ સાહેદો ફરિયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપીઓ પાસેથી રિકવર કરેલ મુદામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.

**૧૨)** આમ, આ સંજોગોમાં સ્વતંત્ર સાહેદના સમર્થન વીના એક માત્ર ફરીયાદી અને તપાસ કરનાર કે જેઓ એક પોલીસ કર્મચારી છે જેથી પોલીસ સાહેદ ની જુબાનીને આધારે આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો ગણી શકાય નહી. સદરહુ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ છે તે ફરિયાદ પક્ષના હિત ધરાવતા સાહેદ ગણી શકાય. આમ છતા હાલના કેસને જો સ્વતંત્ર પંચ સાહેદોનું ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળેલ હોત તો, ફરિયાદ પક્ષના કેસને તપાસવામાં આવેલ પોલીસ સાહેદની જુબાનીને સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાત પરંતુ આ કામે જયારે સ્વતંત્ર પંચ સાહેદોનુ ફરિયાદપક્ષના કેસ ને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે એક માત્ર પોલીસ સાહેદોની જુબાનીથી તથા રજુ પુરાવાઓના આધારે આરોપીઓ સામેનો કેસ પુરવાર થતો નથી. આમ, આ કામના રજુ થયેલ પુરાવા એ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે આરોપીઓએ ખરેખર બનાવ તારીખે, સમયે અને સ્થળે ત્રણ પત્તીનો ગંજીપાનાનો જુગાર રમી જુગાર ધારાની કલમ ૧૨(અ) મુજબ નો ગુનો કરેલ હોવાનું સાબિત થતું નથી. આમ, આરોપીઓએ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબ નો ગુનો કર્યાનું સાબિત થતું ન હોય, મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં નિર્ણત કરી, નીચે મુજબનો આખરી

હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧) આ કામના આરોપી નંબર–૧) તઈબાન મુસોજી માંજરા, ઉ.વ.૨૦, આરોપી નંબર–૨) રાજુભાઈ અશોકભાઈ વરખંડીયા, ઉ.વ.૨૯, આરોપી નંબર–૩) મોહમદ તોસીફ મોહમદહારૂન રશીદ શાહ, ઉ.વ.૧૮, તમામ રહે. સંજાણ બંદર, તા. ઉમરગામ, જી.વલસાડ, નાઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ ૨૫૫(૧) મુજબ જુગાર ધારાની કલમ ૧૨(અ) મુજબ ના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવા ના અભાવે શંકાનો લાભ આપી ગેરહાજરીમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) કબજે લેવામાં મુદ્દામાલ પત્તા પાનાનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) મુદ્દામાલ રોકડ રકમ છે તે આરોપીઓ હાજર રહેલ ન હોય, સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) સદર કેસની કાર્યવાહી આરોપીઓની ગેરહાજરીમાં ચલાવવામાં આવી હોય, અગાઉના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે .

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ ::–૨૮/૦૭/૨૦૨૬ (ઋષિકેશસિંહ હરિશસિંહજી ચૌહાણ)
સ્થળ ::–ઉમરગામ એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરગામ.
કોડ નંબર–જી.જે–૦૧૬૧૨